સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

મળી રહે છત્રછાયા, ગુંડા છૂટા ફરે છે કેમ?
બનાવીને બહાનાં એ ઠાગાઠૈયા કરે છે કેમ?
સરે છે કેમ એની મુરાદો મેલી, મેલી વિદ્યાની -
નિર્દોષ હોય તો પંચ પાસે જતાં ડરે છે કેમ?
(કોર્ટે ૨૫૦૦૦નો દંડ ફટકાર્યો)

હાઈકુ

વચનો ભીનાં
ને બગીચા ઉજ્જડ -
રસ્તા વેરાન..
(નગરની હાલત)

દારૂખાના ને,
ચંપાઇ જામગરી -
યાદી જાહેર..
(બળવાખોરી..)

ચિંતન

વનેષુ દોષાઃ પ્રભવન્તિ રાગિણાં, ગૃહેષુ પંચેન્દ્રિયિગ્રહસ્તપઃ ।
અકુત્સિતે કર્મણિ યઃ પ્રવર્તતે, નિવૃત્ત રાગસ્ય ગૃહં તપોવનમ્ ॥

'સામાન્ય નીતિ' નામના બીજા અધ્યાય-સુભાષિત-રત્નભાંડાગાર નામના ગ્રંથનો આ શ્લોક છે :

'જે લોકો આસક્તિવાળા રાગ-દ્વેષથી પિડીત છે, એવા લોકો વનવાસ લઇ-સંસાર ત્યાગ કરી ત્યાં પણ દોષો ઉત્પન્ન કરે છે. એના કરતાં ઘરમાં રહીને પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ કરે સંયમિત જીવન જીવે તો પણ એ 'તપ' જ છે. એથી માણસ રાગ-દ્વેષ-આસક્તિનો ત્યાગ કરી-છોડી-પવિત્ર-દાન-પુણ્ય-સમાજસેવા જેવાં કર્મોમાં જ પ્રવૃત્ત થાય તો તેને માટે ઘર એ જ તપોવન છે.'

સંસાર છોડી સમસ્યાઓથી નાસભાગ કરવાનો કોઇ અર્થ નથી. હકિકતમાં તો સમસ્યા સામે લડતા શીખવું જોઇએ. વળી, સંસાર છોડી વનમાં જનારા ત્યાં આશ્રમ-દવાખાના-ગૌશાળા, નિશાળો બંધાવી નવો સંસાર ઊભો કરે છે.

રાગદ્વેષ છૂટતાથી 'ગાદીપતિ' થવા ખૂનખરાબા, ખટપટો કરતાં પણ અચકાતા નથી, જો સત્તા-પદવીનો મોહ-રાગ હોય તો પછી સંસાર છોડવાની શી જરૂર? ઘરમાં રહીને પણ જે નિર્લેપ. રાગદ્વેષ છોડી સરળ-સત્યની રાહ પર જીવન જીવી શકે તો એ એના માટે 'તપોવન' જ છે.

વનમાં રહો કે ઘરમાં રાગ-દ્વેષ-માયા-મમતાનો ત્યાગ કરી નિર્મોહી જીવવ જીવવું એ જ તપોવન છે.

સુવિચાર

- કોઇની પાસેથી મને કંઇ જ અપેક્ષા નથી એવો નિશ્ચય જેના ચિત્તમાં આવ્યો છે તે મનુષ્ય સ્વતંત્ર અને મહાન છે - **સ્વામી વિવેકાનંદ**
- જે વસ્તુની આપણને જરૂર જ નથી એ રાખવી એ એક પ્રકારની ચોરી જ છે- **ગાંધીજી**
- શાંત હૃદયની પ્રેમાળ પત્ની, પતિનું આયુષ્ય લંબાવે છે - **કિંગસ્ટન**
- ધીરજ એ આશાવાદી બનવાની કળા છે - **વોવેન ગ્રીઉઝ**
- ઉતાવળમાં ભૂલ કરવી એના કરતાં ધીરજપૂર્વક ઢીલ કરવી સારી - **જેફરસન**
- પ્રજા જો સમૃધ્ધ હોય તો અનુશાસન વિહિન શાસકનું રાજ્ય પણ સુચારૂં ઢબે ચાલ્યા કરે છે - **ચાણક્ય**
- જેનામાં માનવતા જ નથી એ ધાર્મિક તો ક્યાંથી હોય? - **શેખ સાદી**

બોધ કથા

જીવન વ્યવહારમાં-સ્વભાવ-રીતભાત-સંસ્કારની પરખ તદ્દન નાની નાની બાબતોમાં આપણો વર્તાવ કેવો છે, તેના પરથી નક્કી થાય છે. ઘેર આવેલા મહેમાન માટે બેઠક વ્યવસ્થા તમે કેવી આપો છો. પહેલાં તમે 'અનુકૂળ' જગ્યાએ બેસી જાવ છો? કોઇને અર્ધી 'ચા' આપતાં ગરમ કપનું કડું તમે પકડી સામી વ્યક્તિને 'ગરમ' ભાગ આપો છો? આમ નાની વાતોમાં પોતાનો 'સ્વાર્થ' સાચવો છો?

સ્વામી વિવેકાનંદ વિદેશ પ્રવાસે જતા હતા, માતા શારદામણિ દેવીના આશીર્વાદ લેવા ગયા. તેઓ શાક સમારવાની તૈયારી કરતાં હતા. એ બેઠાં હતાં ત્યાંથી 'છરી' થોડી દૂર પડી હતી.

વિવેકાનંદ પગે લાગે તે પહેલાં જ માતાજી કહે - બેટા પહેલાં જો પેલી છરી પડી છે એ ઉપાડીને મને આપ!

વિવેકાનંદજીએ ધારદાર અણીવાળો ભાગ પોતે પકડી લાકડાના હાથવાળો ભાગ દેવીને ધર્યો. દેવી ખૂબ ખૂશ થયાં. કહ્યું, આશીર્વાદ આપતા પહેલાં મેં તારી પરીક્ષા કરી લીધી. જે પરોપકારી છે. બીજાનું સુખ-સગવડ જે પહેલાં જુએ છે તે જિંદગીમાં દરેક ક્ષેત્રમાં સફળ થાય છે - મારા તને આશીર્વાદ છે.

વિવેકાનંદને છરી ઉપાડવાનું રહસ્ય હવે સમજાયું - નાના સદ્ગુણોથી સજ્જનતા ખીલે છે.

નૂતન સાહિત્યિક હિલચાલ અને આંદોલનોનું સંસ્થાગત રૂપ એટલે 'ગુજરાત સાહિત્ય સંગમ'

સમગ્ર ગુજરાતના સાહિત્ય અને જનજીવનને આવરી લઈ સતત વ્યાપક ફલક પર વિસ્તરતી અને ૧૯૫૦થી ૨૦૧૨ સતત ઐતિહાસિક સિમાચિહ્નો સમા પ્રદાનો કરનારી ગુજરાતના સાહિત્યકારો, સાહિત્ય સેવાઓ, અને સાહિત્ય પ્રિય જનતાના સુભગ ત્રિવેણી સંગમ રૂપ ગુજરાતની વિશિષ્ટ પ્રકારની અગ્રણી સાહિત્ય સંસ્થાની સ્થાપના રાજકોટ ખાતે ૧૯૫૦માં થઈ હતી.

આ સંસ્થા અખંડ વહેતી રહીને સાહિત્ય સેવાના કાર્યમાં સ્વાધિનતા પ્રાપ્તિ પછી સાહિત્ય ક્ષેત્રે સર્જાયેલા 'શૂન્યાવકશાન'ને ભેદવા, નૂતન સાહિત્યિક હિલચાલ અને આંદોલનોનો સૂત્રપાત કરી સાહિત્ય ઉપકારક અને જન ઉપકારક આંદોલનો વિસ્તારી સાહિત્યક્ષેત્રે નવો સ્વચ્છ પ્રવાહ વહેતો કર્યો. નવી જૂની પેટીનો કશોય કાલ્પનિક ગજગ્રાહ ચગાવ્યા વગર નવી નવી કલમોને પ્રોત્સાહન આપ્યું અને નવી નવી સાહિત્ય સર્જન શક્તિઓને ઠેર ઠેર પ્રગટાવવા જબરો પુરૂષાર્થ કર્યો છે. તેના ફળ સ્વરૂપે નવી નવી સર્જન શક્તિઓ પ્રગટીને પાંગરવા લાગી છે.

ગુજરાત સાહિત્ય સંગમે સાહિત્ય ને જનજીવનથી પૃથક કદી માન્યુ નથી. સાહિત્ય સમાજ અને જનજીવનથી વેગળું નથી. અને જન સંસ્કાર ઘડતરની પ્રેરક સાહિત્ય પ્રવૃત્તિઓ હોવી જોઈએ અને જનતાને વ્યાપક રૂપમાં સાહિત્ય પ્રત્યે ખેંચવાના કપરા અને સૂક્ષ્મ કાર્ય દ્વારા મહદ્ જનસેવા બજાવી છે. સાહિત્યને જનતા સુધી લઈ જવાનું અને જનતાને સાહિત્ય સુધી લઈ જવાનું કઠીન કાર્ય પાર પાડ્યું છે.

ગુજરાત સાહિત્ય સંગમ એ 'રૂઢ અર્થમાં' કોઇ 'ચોકઠાંવાદી', કંઠીબાંધી', જડ, બંધિયાર, દૃષ્ટિહીન સંસ્થા નથી. એ જેટલી સાહિત્યલક્ષી છે તેટલી જ જીવનલક્ષી, સમાજલક્ષી અને હેતુલક્ષી છે. એટલે ખરેખર તો ગુજરાત સાહિત્ય સંગમ એ રૂઢ અર્થમાં સંસ્થા નથી. એ નૂતન સાહિત્યિક હિલચાલ અને આંદોલન છે. આ હિલચાલનું સંસ્થાગત સ્વરૂપ એટલે ગુજરાત સાહિત્ય સંગમ.

ગુજરાત સાહિત્ય સંગમને ગુજરાતમાં રાષ્ટ્રીય ભાવાત્મક એકતા માટેના સાહિત્યના યોગદાન માટે 'આંતર ભારતીય સાહિત્ય બંધુત્વ'ની પાવન પુનિત ગંગા પ્રગટાવવાનું ભગીરથ કાર્ય સૌ પ્રથમ કર્યાનો સુયશ પણ પ્રાપ્ત થયેલ છે. રાજસ્થાન સાહિત્ય અકાદમીની 'સદસ્ય સંસ્થા' છે. રાજસ્થાન સાહિત્ય અકાદમીએ ગુજરાત સાહિત્ય સંગમના સ્થાપક વરિષ્ઠ સાહિત્યકાર સાહિત્ય શ્રી નિધિ નરેન્દ્ર દવે ને માનાર્હ બંધુત્વ અકાદમી સદસ્યતા આપીને ઉપકૃત કરેલ છે. તેથી ગુજરાત સાહિત્ય સંગમ રાજસ્થાન સાહિત્ય અકાદમીના બંધુત્વ કાર્યક્રમની સ્થાપક સભ્ય સંસ્થા છે.

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

આપણા ભારતના મહાન ક્રાંતિકારી ગુર્જર સાહિત્ય સ્વામી દિવંગત શ્રી ઝવેરચંદ મેઘાણીના પુનઃપ્રતિષ્ઠાપનની મહત્ત્વની રાષ્ટ્રીય કામગીરી ગુજરાત સાહિત્ય સંગમે બજાવી છે. તે માટે મેઘાણીની સ્મૃતિમાં 'મેઘાણી એવોર્ડ' સ્થાપિત કર્યો તથા રાજસ્થાન સાહિત્ય અકાદમી દ્વારા 'અખિલ ભારતીય મેઘાણી પુરસ્કાર' સ્થાપિત કરાવ્યો. રાજસ્થાની ભાષા અને સાહિત્ય દ્વારા આ મહાન ગુર્જર સાહિત્ય સ્વામીનું આ પ્રકારનું સન્માન ભારતભરમાં સૌ પ્રથમ સ્થાપિત કરવાનો શુભયશ રાજસ્થાન સાહિત્ય અકાદમીને જાય છે અને આ શુભ કાર્યને પ્રેરણા આપવાનું ગુજરાત સંગમને ફાળે જાય છે.

'સાહિત્યકાર સન્માનની વિશિષ્ટ પ્રવૃતિ ગુજરાત સાહિત્ય સંગમ સતત કરતું આવ્યું છે. અને ગુજરાતના વરિષ્ઠ સાહિત્યકારો તેમજ સારસ્વતોના પ્રજાકીય વ્યાપક જનસમારંભો યોજીને જન અભિષેક' કરાવ્યો છે.

ગુજરાત સાહિત્ય સંગમે તેના સ્થાપના કાળ એટલે કે સને ૧૯૫૦થી અત્યાર સુધીમાં ૨૫૦ એવોર્ડ્ઝ ઉપરાંત સાહિત્યકારોના વિશેષ પ્રસંગ સન્માનો તથા પુસ્તકોના વિમોચનો પણ યોજે છે. ઉપરાંત ઠેર ઠેર સાહિત્યિક પરિસંવાદો, સંમેલનો, વ્યાખ્યાનો, ગોષ્ઠીઓ, કવિ સંમેલનો, લોક કવિ સંમેલનો, મુશાયરાઓ, ડાયરાઓ, નવા-જૂના, નાના-મોટાના ભેદભાવો વગર યોજયા છે. કાવ્ય સ્પર્ધાઓ, નવલિકા સ્પર્ધાઓ, નિબંધ સ્પર્ધાઓ, વકતૃત્વ સ્પર્ધાઓ, પુસ્તક પ્રદશનો અને સાહિત્યકારોના જીવન પર આધારિત તસ્વીર પ્રદર્શનો પણ યોજવા છે. ગુજરાતી, હિન્દી, ઉર્દૂ, રાજસ્થાની, પંજાબી, સિંધી, મરાઠી ભાષાઓનાં સંયુક્ત કવિ સંમેલનો યોજ્યાં છે. આવા સંયુક્ત સંમેલનો ગુજરાતમાં સર્વપ્રથમ યોજવાનું કાર્ય પણ ગુજરાત સાહિત્ય સંગમે બજાવ્યું છે. પ્રકાશન પ્રવૃત્તિઓ પણ કરી છે. સાહિત્ય ઉપકારક સામયિકો પણ પ્રગટ કર્યા છે. જરૂરતમંદ સાહિત્યકારોને આર્થિક સહાયોના પણ આયોજન કર્યા છે. લોકસાહિત્ય ક્ષેત્રે જાગૃતિ પ્રગટાવી લોક સાહિત્ય તથા આદિવાસી સાહિત્ય અંગે જનતામાં સાચી સમજ અને રૂચી કેળવાય તેવા ઘનિષ્ટ પ્રયાસો કર્યા છે. જનતાના ચોકમાં 'ડાયરાઓ' લઈ જવાનું મહત્વનું કાર્ય સંગમે સૌ પ્રથમ બજાવ્યું છે. તથા નવી નવી લોક સાહિત્ય અને લોક કળાની તથા આદિવાસી સાહિત્ય કલાની સર્જનશક્તિઓને પ્રગટાવવાનું પણ કાર્ય કર્યું છે.

ગુજરાતી સહિત હિન્દી, ઉર્દૂ, સિંધી, સંસ્કૃત સ્વાયત્ત અકાદમીઓ તથા વિવિધ કલા અકાદમીઓ સ્થાપવી જોઈએ તેવી સર્વ પ્રથમ માંગ ઉઠાવનાર અને એની સ્થાપનાર્થે સર્વ પ્રથમ કાર્ય કરનાર ગુજરાત સાહિત્ય સંગમ છે.

૧૯૬૪ના રાજકોટ ખાતે ગુલાબદાસ બ્રોકરના અધ્યક્ષ સ્થાને મળેલ આંતર ભારતીય સાહિત્ય બંધુત્વ મહાસંમેલનમાં સર્વપ્રથમ આ અંગે 'ઠરાવ' પસાર કરવામાં આવ્યો હતો. જયારે ગુજરાત સાહિત્ય સંગમના પ્રયત્નોથી અગાઉ સંગીત નાટ્ય અકાદમી સ્થપાઇ ચુકી હતી જ. ક્રમશઃ લલિતકલા અકાદમી પણ સ્થપાઇ. સાહિત્યપ્રિય મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી, મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમણે ક્રમશઃ ગુજરાતી, ઉર્દૂ, અને સિંધી અકાદમીઓ સ્થાપી. પછી હિંદી અને સંસ્કૃત અકાદમીઓ પણ સ્થપાઇ છે. પરંતુ આ બધી સાહિત્ય અને કલા અકાદમીઓ 'સ્વાયત્ત' નથી. અકાદમીઓની સ્વાયત્તતા અને સાહિત્યકારો અને કલાકારોના આત્મ ગૌરવ માટે ગુજરાત સાહિત્ય સંગમના 'સ્વાયત્ત સાહિત્ય કલા અકાદમી આંદોલન મંચ' દ્વારા દીર્ઘ સમયનો સંઘર્ષ આંદોલનનો હવે એક જ્વલંત ઈતિહાસ ઘટના બની ગયેલ છે. 'સ્વાયત્તતા' માટેનો સંઘર્ષ અને આંદોલન હજુ પણ જારી છે.

પ્રા. ડો. અમૃત રાણીંગા
અધ્યક્ષ, ગુજરાત સાહિત્ય સંગમ, ઉપલેટા.

ગાંધીનગરના જાણીતા હાસ્ય સાહિત્યવિદ ચિત્રસેન શાહને વર્ષ ૨૦૧૨નો 'જ્યોતિન્દ્ર દવે સાહિત્યશ્રી' એવોર્ડ એનાયત થશે

ગુજરાતી હાસ્ય સાહિત્યમાં નવો ચિલો ચાતરનાર ગાંધીનગર સમાચારના કટાર લેખક ચિત્રસેન શાહને ગુજરાત સાહિત્ય સંગમ અને આંતર ભારતીય સાહિત્ય બંધુત્વ મંચ તરફથી તેમના વિશિષ્ઠ પ્રદાન બદલ વર્ષ ૨૦૧૨ નો 'જ્યોતિન્દ્ર દવે સાહિત્યશ્રી એવોર્ડ' એનાયત થશે તેમ ગુજરાત સાહિત્ય સંગમના મહાસચિવ નટવર હેડાઉએ જણાવ્યુ છે.

ચિત્રસેન શાહ દ્વારા હાસ્ય સાહિત્યના પુસ્તકોમાં - (૧) ધણીને ધાકમાં રાખો (૨) ધણીને ધાકમાં રાખો પ્લસ (૩) સ્મશાનમાં સ્વયંવર (૪) ફાઈવસ્ટાર સ્મશાનમાં સ્વયંવર (૫) સ્વર્ણિમ ગુજરાતમાં ચોવીસ કેરેટનું હાસ્ય (૬) વરઘોડો - વનેચંદના પુત્રનો સમાવેશ થાય છે. તે ઉપરાંત ૪૫૦ જેટલાં હાસ્ય કટાક્ષના લેખો વિવિધ સામયિકોમાં પ્રગટ થયા છે.

સાભાર સેતુ : કેટલાંક સામયિકોના મહત્વપૂર્ણ દિપોત્સવી અંકો

- નટવર હેડાઉ

દિપોત્સવી અંકોની એક પરંપરા અનુસાર આ વર્ષે પણ ઘણાં સામયિકોએ તેના દિપોત્સવી અંક પ્રગટ કર્યા છે. તેમાં ગુજરાત સાહિત્ય અકાદમીના મુખપત્ર શબ્દ સૃષ્ટિ તરફથી છેલ્લાં ઘણાં વર્ષોથી કોઇ એક વિષય આધારિત વિશેષાંક પ્રગટ કરવામાં આવે છે. આ વખતનો શબ્દસૃષ્ટિનો વિશેષાંક 'નાટક અને હું' નોંધપાત્ર રહ્યો છે. તેમાં ૫૪ જેટલા નાટ્યકર્મીઓની કેફિયત તેમની તસ્વીરો સાથે પ્રગટ કરવામાં આવી છે. ૩૧૭ પાનામાં વિસ્તરેલા આ વિશેષાંકમાં સંપાદક હર્ષદ ત્રિવેદીએ રંગભૂમિની રંગોળીના જુદા જુદા રંગો પુરીને અંકને માતબર બનાવ્યો છે. જેથી તે સંગ્રહણીય બન્યો છે.

તે ઉપરાંત 'તથ્ય' સાપ્તાહિક દ્વારા પણ દળદાર દિપોત્સવી અંક પ્રગટ કરવામાં આવ્યો છે. તેમાં સુંદર રીતે વિભાગો પાડી સાહિત્ય પીરસવાનો પ્રયત્ન કર્યો છે. જેમાં કાવ્ય વિભાગમાં ગાંધીનગરમાં વસતાં ૨૦થી વધુ કવિઓની કાવ્ય રચનાઓ સમાવી છે. તો વાર્તા વિભાગમાં પણ દશ જેટલી વાર્તાઓ અને આસ્વાદો પ્રગટ કર્યા છે. તે ઉપરાંત ફિલ્મો, ફેશન, ગૃહ સુશોભન, સજાવટ અને વ્યક્તિ વિકાસને લગતાં લેખો એક અલગ વિભાગમાં પ્રગટ કર્યા છે. રસઝરતી મીઠાઇઓ અને ચટાકેદાર નાસ્તા - અવનવા ડ્રિંક્સનો વિભાગ છે. તો સાથે સાથે છેલ્લે હાસ્ય-વ્યંગ કાર્ટૂન વિભાગ મુકીને અંકને વાંચનક્ષમ બનાવ્યો છે.

'પાટનગર પ્રકાશ' સાપ્તાહિકના તંત્રી ભરત કવિએ પણ બહુ જહેમત ઉઠાવીને દિપોત્સવી અંક પ્રગટ કર્યો છે. તેમાં લેખો, વાર્તાઓ, લઘુકથાઓ, કાવ્યો, ઉપરાંત સામયિકોના પેટ્રન સભ્યોની ફોટાઓ પ્રગટ કર્યા છે.

'પેન્શનર પ્રદાન' ના દિપોત્સવી અંકમાં પેન્શનરોને ગમી જાય તેવા લેખો, કાવ્યો દ્વારા સુંદર સજાવટ કરીને અંક તૈયાર કરવામાં આવ્યો છે. તેમાં પેન્શનરોને ઉપયોગી થાય તેવી ઘણી માહિતી સાથે જીવન ઉપયોગી સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

માનસને આપણે સાદી ભાષામાં મન તરીકે ઓળખીએ છીએ, માણસનું મન એક અદ્‌ભુત અજાયબી છે, એ કયારે કેવી રીતે વર્તશે એ કળવું મુશ્કેલ છે

માનસ અને લોકમાનસ

- કેશુભાઈ દેસાઈ

માણસ પાસે બાકીના પ્રાણીજગતની સરખામણીમાં ઊંચી ગુણવત્તા ધરાવતું સૌથી મહત્વનું અંગ હોય તો એ છે એનું મગજ. આ મગજની તાકાતથી એણે સમસ્ત સૃષ્ટિ પર એકચક્રી શાસન સ્થાપ્યું છે. માણસનું આ મગજએ કેવલ બુધ્ધિ ચાતુર્યનું જ ઉદ્‌ગમ સ્થાન નથી, આપણે જેને પ્રેમ, કરૂણા, સદ્‌ભાવ કે દયા કહીએ છીએ તેવી 'માણસાઈ' ભરી લાગણીઓ પણ એમાં જ ઉદ્‌ભવે છે. ક્રોધ, હિંસા, વેરઝેર જેવી નફરત વાચક લાગણીઓનું જન્મ સ્થાન પણ મગજ જ છે!

ઊંડા વૈજ્ઞાનિક સંશોધનોને અંતે વૈજ્ઞાનિકો અને ડૉકટરોએ હૃદય વિશેની આપણી જૂની પુરાણી સમજણ અને રૂઢ માન્યતાઓનો છેદ ઉડાડી દીધો છે. હૃદય તો શરીરને લોહી પહોંચાડતો એક પંપ માત્ર છે. લાગણીઓ મગજમાં જન્મે છે. એની અસર બાકીનાં અંગો પર થાય છે એમ હૃદય પર પણ થાય છે. ગુસ્સો આવે તો રૂવાડાં ખડાં થઈ જાય છે - હોઠ ભીંસાય છે, આંખોના ડોળા ફાટફાટ થઈ રહે છે. હૃદય પણ એ વખતે વધુ જોરથી ધબકવા માંડે છે. એથી ઊલટું કોઈ સંતનો ઉપદેશ સાંભળતા હોઈએ ત્યારે મનને ટાઢક વળે છે. હૃદય પણ ધીમું ધબકે છે! પ્રેમનો ઉદ્રેક વળી જુદાં જ લક્ષણો દાખવે છે. આ બધાના મૂળમાં મગજનાં વિવિધ કેન્દ્રો દ્વારા પ્રેષિત સંદેશાઓ મુજબ શરીરનાં વિવિધ અંગોમાં ઝરતા સ્રાવ જવાબદાર ગણાય છે. આવાં રસાયણો જ માણસને (બલકે જીવ માત્રને) શાતા આપે છે અથવા ઉશ્કેરી મૂકે છે. આપણે ધ્યાન કે પૂજાપાઠ કરતા હોઈએ ત્યારે જે 'પૉઝિટિવ' પ્રતિસાદ મળે છે, તે પણ આવાં રસાયણોને જ આભારી છે. તો વળી ટોળું આક્રમક બની તોડફોડ અને આગચંપી મચાવે છે એમાં પણ ખાસ પ્રકારના હૉર્મોન જ કારણભૂત હોય છે. ટૂંકમાં માણસ પ્રેમ કરે કે યુદ્ધ : એ તમામની શરૂઆત એની તુંબડા જેવી ખોપરીમાં સમાયેલા માખણના લોંદા જેવા મગજમાં થાય છે. મગજ આખા શરીરનું નિયંત્રણ કરનારૂં સૌથી મહત્વપૂર્ણ અંગ છે. અલબત્ત, એને પણ સતત પ્રાણવાયુની જરૂર પડે છે. પ્રાણવાયુ કહેતાં ઑક્સિજન લોહી મારફત જ ગ્લુકોઝ સાથે સંકળાઈને રેલાતો રહે છે. આથી લોહીનું શુધ્ધિકરણ કરતી ફૅકટરી જેવાં ફેફસાં અને કિડની કથળે તો આપોઆપ મગજની કાર્યવાહી પણ ખોરંભાય છે. મૃત્યુનું છેલ્લું પ્રમાણપત્ર અલબત્ત હૃદય અને ફેફસાંની ગતિ બંધ થાય તે સ્થિતિએ અપાય છે, કારણ કે, મગજમાં રહેલાં આ 'વાઈટલ ઑર્ગન' બંધ પડે છે એનો મતલબ જ એ થાય કે એમને નિયંત્રિત કરનારાં મગજનાં કેન્દ્રો શાંત થઈ ગયાં, નિષ્ક્રિય બની ગયાં.

મગજ માટે અંગ્રેજીમાં 'બ્રેઈન' શબ્દ છે. પરંતુ 'બ્રેઈન'માં છુપાયેલું 'માઈન્ડ' અદૃષ્ટ છે. 'માઈન્ડ' એટેલ 'માનસ.' માનસ વિવિધ પરિમાણો ધરાવતું અદ્રશ્ય અંગ છે. માનસને આપણે સાદી ભાષામાં મન તરીકે ઓળખીએ છીએ. માણસનું મન એક અદ્‌ભુત અજાયબી છે. એ કયારે કેવી રીતે વર્તશે એ કળવું મુશ્કેલ છે. સગાં ભાંડુઓ વચ્ચે એક તરફ સહોદર વાત્સલ્ય- ભ્રાતૃભાવ પ્રવર્તે છે તો બીજી તરફ એકમેક વિરૂધ્ધ છૂપો સ્પર્ધા ભાવ પણ રહ્યા કરતો હોય છે. ભાઈ ભાઈ આવી અદેખાઈ આદિ-અનાદિથી ચાલતી રહી છે. મહાભારતના મૂળમાં આ વેરવૃત્તિ પડેલી છે. ભાઈને સૌથી વધુ ઈર્ષ્યા ભાઈની જ થતી હોય છે, કારણે કે, એમને વારસો વહેંચવાનો હોય છે. આપણે આવા વેરભાવના છેલ્લાં ઉદાહરણો લેખે મુંબઈના મહાજનબંધુઓ, અંબાણીભાઈઓ અને તાજેતરમાં સામસામે વીંધાઈ મરેલા ચઢ્ઢા બંધુઓનાં દૃષ્ટાંત જોયાં છે. પૉન્ટી ચઢ્ઢા અને હરદીપ ચઢ્ઢા વચ્ચે ખેલાયેલો લોહિયાળ જંગ મનુષ્યના ચિત્રવિચિત્ર માનસની અપ્રત્યાશિત બર્બરતાનું વરવું પ્રદર્શન છે. પિતાની બેશુમાર સંપત્તિની વહેંચણીના મુદ્દે અંબાણી બંધુઓના મનમાં ઘર કરી ગયેલી કડવાશ માતાની મધ્યસ્થીને કારણે કાબુમાં રહી શકી, એ પણ જાણીતી બાબત છે. કર્ણને ઘણી મોડી ખબર પડી કે એ કુંતીની જ કૂખે જન્મેલો જ્યેષ્ઠ પાંડવ હતો. એણે માતાનું મન અને માન રાખવા પોતે મરવું પસંદ કર્યું. મિત્રતાને દગો દઈ શકાય એમ નહોતો અને અર્જુનને મારી શકાય એમ ન હોતો! માનવીનું મન ક્યારે કેવા વળાંક લઈ બેસશે, કહેવું મુશ્કેલ છે.

ગીતા કહે છે :

મન એવં મનુષ્યાણાં કારણં બન્ધ-મોક્ષયોઃ ॥

મન જ બંધન અને મોક્ષનું કારણ છે : એ જ જોડે છે, એજ તોડે છે! પૉન્ટી અને હરદીપ ચઢ્ઢાએ જરા શાંતિપૂર્વક વિચાર્યું હોત તો બેઉની ઈકોતેર પેઢી સુધી વાપર્યું ખૂટે નહીં એટલું ભેગું થઈ ગયું હતું. મન માંકડા જેવું છે. એને કાબૂમાં કોઈ વિરલા જ રાખી શક્યા છે. સંતોએ એટલે સ્તો મનરૂપી મૃગલાને મારવાની વાત કરી છે. જેણે મન જીત્યું એણે જગ જીતી લીધું. સુખી માણસના પહેરણની વાર્તા અમારા શાળા કાળના અભ્યાસક્રમમાં આવતી. સુખી માણસની શોધ ચલાવવામાં આવી ત્યારે આખરે એવા માણસ પર પસંદગી ઊતરી જેની પાસે પહેરવાનું વસ્ત્ર જ ન હતું. નજૂમીએ સુલતાનની બિમારીના છેલ્લા ઈલાજ લેખે સુખી માણસનું પહેરણ માગી લાવીને પહેરાવવાનું સૂચન કર્યું હતું. આખી દુનિયા ઢંઢોળી વળ્યા પણ સંપૂર્ણપણે 'સુખી' હોય એવો કોઈ માણસ જડ્યો જ નહીં. આખરે એક હરફન મૌલા, મસ્ત કલંદરની ભાળ મળી પણ એની પાસે તો નામનું ય લૂંગડું જ નહોતું. એને માટે તો દિશાઓ જ વસ્ત્ર હતી, આકાશ ઓઢણું હતું અને પૃથ્વી પાથરણું!

આપણે થોડીક 'લોકમાનસ'ની ચર્ચા પણ કરી લઈએ. કહે છે કે ટોળાને આંખ નથી હોતી, એને મગજ પણ નથી હોતી. છઠ પૂજા કે કુંભમેળામાં ઊભરાતાં લોકનાયકો અને અભિનેતાઓ કે ખેલાડીઓ ટોળાની માનસિકતા અલગ જ પ્રકારની હોય છે. ધર્મ- સંપ્રદાયોના અધિષ્ઠાતાઓ 'પ.પૂ.ધ.ધુ.ઓ' અને રાજકીય પક્ષોના નેતાઓ પાછળ અહર્નિશ આવાં ટોળાં જામતાં હોય છે. લોકપ્રિય નેતાઓ પાછળ જાનફેસાની કરવા તત્પર લાગણીશીલ અનુયાયીઓ વિશે શું કહીશું? અંગત સુખદુખની પરવા કર્યા વગર આવા લોકો હજારો-લાખોની સંખ્યામાં અણણા હજારેથી લઈ અમિતાભ બચ્ચન પાછળ ટોળે વળતા રહે છે. જાણીતા 'સંતો' અને કથાકારો પૈકી ભાગ્યે જ કોઈને શ્રોતા સમુદાયની ટાંચ પડે છે. લોકો સ્વંયભૂ દોડી આવે છે. લોકપ્રિય રાજકારણીઓ પણ જ્યાં જાય ત્યાં ભીડ એકઠી કરી લે છે. બનવાજોગ કે સત્તાધારી નેતાઓ એમાં સરકારી તંત્રનો પણ અનુકૂળતા મુજબ ઉપયોગ કરતા હશે. લોકમાનસને ઘેલું લગાડનારા લોકનાયકોની યાદીમાં બાળાસાહેબ ઠાકરેનું નામ મોખરે મુકવું પડે. આટ આટલા વિવાદો સજર્યા પછી પણ એમને અંતિમ વિદાય આપવા માટે શિવાજી પાર્કમાં વીસ લાખની મેદની ઊમટી, તે શું સૂચવે છે? કદાચ એમનું મરાઠા વાદનું અને કટ્ટર હિંદુત્વ સંદર્ભનું 'કમિટમેન્ટ' જ એમને એ વિવાદોનું વાવાઝોડું ફૂંકવા પ્રેરતું રહ્યુ હશે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

નિર્બળતા ફંગોળી તમારી અંદર વહેતા ચેતનાના પ્રવાહને શ્રધ્ધા અને વિચારના ધોરીયા વાટે તમારી જીવન ભોમકામાં લાવી દો... જીવનની હરિયાળી લહેરાશે... જીવનનો જયકાર ગાઈ શકશો!!!

લાગણીનો મેળો

- રસિક વાળંદ 'નિર્ઝર'

જીવન સુંદર બનાવું તો તુજને ગમે!
ખુદ ખીલુંને ખિલાવું તો તુજને ગમે!

સ્વામી વિવેકાનંદે ગર્જના કરી હતી : "જે મહાન અને ભવ્ય આદર્શો માટે તમારો જન્મ થયેલો છે તેમને છેહ દઇને તમે એક જઘન્ય પાપ કર્યું છે. પાપ અને પુણ્ય, સ્વર્ગ અને નરકના પોકળ વિચારોમાં તમે પોતાની અદ્‌ભૂત શક્તિઓને વેડફી નાખી છે, જાગો, મારો સિંહ તમારી એક ડણક ગમે એવાં તોફાની વાદળોને વિખેરી નાખવા માટે એકદમ પૂરતી છે. હવે હાર ને હતાશા તો ના જ જોઇએ."

આવી વીરવાણીની ગર્જના પણ ન સંભળાઇ શકી એટલા આપણે બધિર બની ગયા છીએ. જો કે દુનિયાભરમાં જે તે સમયે જાગતિક જરૂરિયાત રૂપે પેદા થયેલા મહાપુરૂષો સમાજ પુરૂષને જગાડવા આવી જ દિવ્યવાણી રેલાવતાં રહે છે છતાં મોટા ભાગનો વર્ગ એ તરફ બેધ્યાન જ રહ્યો છે. આ જ મોટી કમનસીબી ગણાય!

દોસ્તો, છત્રપતિ શિવાજીને જયારે ઔરંગઝેબે કેદ પકડ્યા ત્યારે એમનો પુત્ર શંભાજી એણની સાથે હતો. એણે રડતાં રડતાં પૂછ્યું, 'આમાંથી કેમ કરી છૂટાશે?' ત્યારે શિવાજી મહારાજ તાડૂકયા... 'મૂર્ખ! તું આપણું નામ લજાવવાનો રોવાને બદલે મનને તૈયાર કર કે અહીંથી કઇ રીતે ભાગવું છે!' થોડા જ સમયમાં શિવાજીએ પડતીને ચઢતીમાં ફેરવી સિધ્ધ કરી દેખાડ્યું.

માણસમાં જો ઉત્સાહ હોય તો હજાર વાર હાર્યા પછી પણ એ પુરૂષાર્થની પગદંડી નહીં છોડે, ગમે તેવી આસમાની સુલતાની ઉતરી આવે તોયે એને દાદ નહીં દે. નાન-મોટા પ્રત્યેકને જીવનમાં ચડતી પડતીનો સામનો કરવો પડતો હોય છે. ઉત્સાહી માણસ જ પોતાની ઊંડી શક્તિઓને પિછાણી સમસ્યાઓને જ ઘોળીને પી જાય છે. આમ જોઇએ તો સફળતા - નિષ્ફળતા વચ્ચેનો તફાવત હતાશાથી સર્જાય છે. શક્તિશાળી પણ હતાશાને લીધે કયારેક ગોથું ખાઇ જાય છે. છત્રપતિ શિવાજી મહારાજનું ચરિત્ર જીવનને મનધાર્યો આકાર આપવાનું ઉત્તમ ઉદાહરણ છે.

ઘણીવાર એવું અનુભવીએ કે મુશ્કેલીઓનો પાર નથી ઘોર અંધારા વ્યાપી ગયાં છે. ત્યારે આવા સંજોગોમાં રચનાત્મક વિચારણા માર્ગ સૂઝાડશે. નહીં તો અધારે અથડાવાય...

હું તો એમ માનું છું કે જીવન જીવવું છે તો ઉત્તમ રીતે જીવવું જોઇએ. સમૃધ્ધિ જોઇએ જ છે તો પરમ સમૃધ્ધિ કરતાં સહેજ પણ ઓછાથી સંતોષ શા માટે માનવો? મહાપુરૂષોનાં જીવનગ્રંથ આપણને બતાવે છે કે માણસ જો ધારે તો પથ્થરને પારસ બનાવી શકે, તો પછી આ જિંદગીને જવલંત બનાવી ન શકાય?! આપણે આજે આ જ પળે જે કંઇ છીએ એ અંગે આપણે પોતે શું જવાબદાર નથી?! જરા અંતર્મુખ થઇ વિચારીએ...

સાચી શ્રધ્ધા અને સઘન આશાવાદને કેટલાંયે જીવન બદલી નાખ્યાં છે. તો આપણે આપણું જીવન ના બદલી શકીએ? આપણે પોતાના વિચારોને ઉપયોગમાં લઇને જ આ કામ કરી શકતા હોઇએ તો વળી મોડું શા માટે કરવું જોઇએ?

લઘુતાનો હીનભાવ કે ભય અનુભવતાં સૌ કોઇએ "હું અભય છું" એવું મનને ગોખાવવું પડશે તેમજ સર્વ અભયના દાતા એવા પરમાત્માનું શરણું ગ્રહણ કરશો તો જ આ નિર્બળતા હટાવી શકશો. આપણે તો સિંહની વાણી છોડી ઘેટાંની જેમ નમાલું બોલતાં શીખ્યાં છીએ. આપણા હીન-દુર્બળ વિચારોએ જ ઘેટાવૃત્તિ જન્માવી છે. કેટલીયે જિંદગીઓ આવી ઘેટાગીરીમાં ફસાઇને બરબાદ થઇ ગઇ. જે સિંહ થવાને સર્જાયો હતો... વિચાર થવા જન્મેલો પ્રભુનો દિવ્યઅંશ વામણો બની બેઠો!!

ઊંચા વિચારનો અભાવ, સાચી શ્રધ્ધાનો અભાવ, નક્કર પગલાનો અભાવ ને સબળતાના અભાવે એને સાવ બોદો બનાવી દીધો...

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૪મી નવેમ્બર

● શેક્સપિયર જેવા અંગ્રેજ લેખકને બિરદાવનારા મહાન ફ્રેડરિક સાથે ત્રણ વર્ષ રહેલાં વાણી સ્વાતંત્ર્યના ઝંડા ધારી, ફ્રાન્સની લોકક્રાંતિના જનક વોલ્ટેર (ફ્રાન્સવા મારો આરૂત)ની જન્મજયંતિ - ૧૬૯૨.

મહાન વિચારકની દફ્ન ક્રિયામાં કરોડો માણસો જોડાયા કબર પર લખ્યું છે, 'આઝાદ



થવાનું તેણે આપણને શીખવ્યું.'

● ૧૯૫૯ - ચાર્લ્સ ડાર્વિન પ્રાણીઓનો ઉત્ક્રાંતિનો સિધ્ધાંત પ્રસ્થાપિત કર્યો.

● ૧૯૫૧ - લીબીયા સ્વતંત્ર દેશ બન્યો



● ૧૯૬૩ - કન્નમનવર મહારાષ્ટ્રના પ્રથમ મુખ્યપ્રધાનનું અવસાન.